# Meeting of BRICS Ministers of Foreign Affairs /International Relations (June 01, 2021)

May 31, 2021

# બ્રિક્સ વિદેશમંત્રીઓ /આંતરરાષ્ટ્રીય સંબંધોના મંત્રીઓની બેઠક (જૂન 01, 2021)

મે 31, 2021

બ્રિક્સના હાલના અધ્યક્ષ તરીકે ભારત 01 જૂન, 2021ના રોજ બ્રિક્સ વિદેશમંત્રીઓ/આંતરરાષ્ટ્રીય સંબંધોના મંત્રીઓની સ્વતંત્ર બેઠક યોજશે. ભારતીય ગણતંત્રના વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા આ બેઠકનું અધ્યક્ષપદ સંભાળશે. ફેડરલ રિપબ્લિક ઓફ બ્રાઝિલના વિદેશ મંત્રી, એમ્બેસેડર કાર્લોસ આલ્બર્ટો ફ્રાન્કો ફ્રેન્કા, રશિયન ફેડરેશનના વિદેશમંત્રી, રાજદૂત સર્ગેઈ લેવરોવ, પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈનાના વિદેશમંત્રી વાંગ યી અને રિપબ્લિક ઓફ સાઉથ આફ્રિકાના આંતરરાષ્ટ્રીય સંબંધો અને સહકારના મંત્રી ગ્રેસ નાલેદી મેન્ડિસા પોન્ડોર તેમાં ભાગ લે તેવી શક્યતા છે. વિદેશમંત્રીઓ કોવિડ-19 રોગચાળાની સ્થિતિ તથા અત્યારના સમયના પડકારોને ધ્યાનમાં રાખીને બહુસ્તરીય સિસ્ટમને મજબૂત બનાવવાની અને તેને સુધારવાની જરૂરિયાત અંગે પોતાના વિચારોનું આદાનપ્રદાન કરશે, સમકાલીન વાસ્તવિકતા સાથે તેનું અનુકુલન, વૈશ્વિક અને પ્રાદેશિક ચિંતાના વિષયો, ટકાઉ વિકાસ, ત્રાસવાદનો સામનો વગેરે મુદ્દે ચર્ચા કરશે. આ ઉપરાંત લોકોથી લોકોના સહકાર દ્વારા બ્રિક્સની અંદર સહયોગ વધારવાના ઉપાયોની ચર્ચા કરવામાં આવશે.

**નવી દિલ્હી**
**મે 31, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.